ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક : આઇસીડી-૧૧૨૦૧૦-જીઓઆઇ.૨૨૩-બ

સચિવાલય, ગાંધીનગર

તા. ૧૩/૧૧/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારનો તા.૧૯/૦૫/૨૦૧૭ નો પત્ર ક્રમાંક : F. No. 11-9/2017-MBP

(૨) ભારત સરકારનો તા.૦૯/૦૮/૨૦૧૭ નો પત્ર ક્રમાંક : F. No. 11-9/2017-MBP

(3) ભારત સરકારનો તા.૦૯/૦૮/૨૦૧૭ નો પત્ર ક્રમાંક : No. 13/7/2017-MBP

પ્રસ્તાવના:-

સંદર્ભ-૧ માં દર્શાવેલ તા.૧૯-૦૫-૨૦૧૭ ના પત્રથી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્લી દ્વારા દેશના તમામ જિલ્લાઓમાં પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY) તા.૧-૧-૨૦૧૭ થી અમલમાં મૂકવામાં આવેલ છે. સંદર્ભ-૨ માં દર્શાવેલ તા.૯-૮-૨૦૧૭ ના પત્રથી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્લી દ્વારા માતૃત્વ સહયોગ યોજનાનું નામ પ્રધાન મંત્રી માતૃ વંદના યોજના (PMMVY) કરવામાં આવેલ છે. સંદર્ભ-3 માં દર્શાવેલ તા.૯-૮-૨૦૧૭ ના પત્રથી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્લી દ્વારા પ્રધાન મંત્રી માતૃ વંદના યોજના (PMMVY)ની નવી સુધારેલી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે.

ઠરાવ:-

પ્રધાન મંત્રી માતૃ વંદના યોજના (PMMVY)ની નવી સુધારેલી માર્ગદર્શિકા ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવતાં નીચે મુજબની કાર્યવાહી કરવા અને યોજના અંતર્ગત વિવિધ સ્તરની સમિતિઓ બનાવવાનું ઠરાવવામાં આવે છે.

(૧) માતૃત્વ સહયોગ યોજનાનું જૂનુ નામ ઇન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના (IGMSY) હતું, જે બદલીને ભારત સરકાર દ્વારા પ્રધાન મંત્રી માતૃ વંદના યોજના (PMMVY) રાખવામાં આવેલ છે.

(૨) આ યોજનાનો લાભ સગર્ભા / ધાત્રી માતાને ફકત પ્રથમ જીવિત બાળ જન્મ સમયે મળવાપાત્ર છે.

(૩) આ યોજના અંતર્ગત સગર્ભા / ધાત્રી માતાઓને રૂ.૫૦૦૦/- ની સહાય તેમના બેંક / પોસ્ટ ખાતા મારફતે સગર્ભાવસ્થા અને ધાત્રી અવસ્થા દરમ્યાન નીચે દર્શાવ્યા મુજબની ચોકકસ શરતો પૂર્ણ કર્યેથી ચૂકવવામાં આવશે.

| હપ્તો | શરતો | સહાયની રકમ (રૂ.) |
|---|---|---|
| પ્રથમ | સગર્ભાવસ્થાની આગોતરી નોંધણી કરાવ્યા બાદ (૧૫૦ દિવસમાં) | ૧૦૦૦/- |
| દ્વિતીય | ઓછામાં ઓછી એક પૂર્વ પ્રસૂતિ તપાસ (ANC) - (સગર્ભા વસ્થાના છ મહિના પછી) | ૨૦૦૦/- |
| તૃતિય | - બાળજન્મની નોંધણી કરાવ્યા બાદ<br>- BCG, DPT (Pentavalent), OPV, Hepatitis-B રસીઓની પ્રથમ સાયકલ પૂર્ણ કરાવ્યા બાદ (૧૪ અઠવાડિયા સુધીની રસી) | ૨૦૦૦/- |

(૪) <u>યોજનાનો હેતુ</u>: પ્રથમ સગર્ભાવસ્થા અને જીવિત બાળજન્મ સમયે લાભાર્થી મહિલા પ્રસૂતિ પૂર્વે અને પ્રસૂતિ બાદ પૂરતા પ્રમાણમાં આરામ અને પોતાના સ્વાસ્થ્યની કાળજી લઇ શકે તે માટે તેની રોજગારીના નુકશાનનુ રોકડ સહાયના સ્વરૂપે અંશતઃ વળતર આપવાનો છે. આ રોકડ સહાયથી સગર્ભા / ધાત્રી મહિલાઓના આરોગ્યના સ્તરમાં સુધારો થશે.

(૫) <u>લાભાર્થીની પાત્રતા</u>: તમામ સગર્ભા અને ધાત્રી મહિલાઓને આ યોજના તા.૧-૧-૨૦૧૭ થી ફકત પ્રથમ જીવિત બાળ જન્મ સમયે મળવાપાત્ર છે. કેન્દ્ર, રાજય સરકારના અથવા જાહેર સાહસોના કર્મચારીઓને અને સમાન લાભ અન્ય કોઇ કાયદા હેઠળ મેળવતા હોય તો તેમને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી. AWW / AWH / ASHA વર્કરને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

(૬) <u>સામાજિક ઓડિટ</u>: યોજનામાં પારદર્શકતા જાળવવા માટે લાભાર્થીની પાત્રતાના ધોરણો અને લાભાર્થીઓની યાદી આંગણવાડી કેન્દ્ર પર લગાવવી. આઇટી એકટ-૨૦૦૦ અને આધાર એકટ-૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ કોઇપણ લાભાર્થીની

આધારને લગતી, બેંક / પોસ્ટ ખાતાને લગતી માહિતી કે અન્ય અંગત વિગતો જાહેર ન થાય તેની ખાત્રી કરવી. ગ્રામસભામાં યોજનાની ચર્ચાનો મુદ્દો એજન્ડા પોઇન્ટ તરીકે લેવડાવવો.

(૭) યોજનાના મોનીટરીંગ અને રિવ્યુ માટે રાજય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ વિવિધ કમિટીઓની નીચે મુજબ રચના કરવાની થાય છે.

(અ) રાજય કક્ષાની સ્ટીયરીંગ અને મોનીટરીંગ કમિટી

| | |
|---|---|
| (૧) સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ | અધ્યક્ષ |
| (૨) સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | સભ્ય |
| (૩) સચિવશ્રી, નાણાં વિભાગ / બેંકીંગ | સભ્ય |
| (૪) સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ | સભ્ય |
| (૫) સચિવશ્રી, આયોજન | સભ્ય |
| (૬) સચિવશ્રી, ઇન્ફોર્મેશન ટેકનોલોજી | સભ્ય |
| (૭) સચિવશ્રી, પાણી પુરવઠા વિભાગ | સભ્ય |
| (૮) નિયામકશ્રી, આઇસીડીએસ | સભ્ય |
| (૯) યોજના અધિકારીશ્રી | સભ્ય |
| (૧૦) નોડલ ઓફિસર, PMMVY | સભ્ય સચિવ |
| (૧૧) અન્ય (અધ્યક્ષની મરજી મુજબ) | આમંત્રિત સભ્ય |

(આ સમિતિની બેઠક દર ત્રણ મહિને અથવા અધ્યક્ષની મરજી મુજબ વહેલા મળશે.)

(બ) જિલ્લા કક્ષાની સ્ટીયરીંગ અને મોનીટરીંગ કમિટી

| | |
|---|---|
| (૧) સંબંધિત જિલ્લાના કલેકટરશ્રી | અધ્યક્ષ |
| (૨) સંબંધિત જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |
| (૩) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી | સભ્ય |
| (૪) લીડ બેંક અને જી.પી.ઓ.ના સંબંધિત અધિકારીશ્રી | સભ્ય |
| (૫) જિલ્લાના તમામ સીડીપીઓશ્રી | સભ્ય |
| (૬) ડિસ્ટ્રીકટ પ્રોગ્રામ ઓફિસરશ્રી | સભ્ય સચિવ |
| (૭) અન્ય (અધ્યક્ષની મરજી મુજબ) | આમંત્રિત સભ્ય |

(આ સમિતિની બેઠક દર બે મહિને મળશે તથા આ સમિતિનુ ગઠન જિલ્લા કલેકટરશ્રીએ કરવાનુ રહેશે.)

(ક) તાલુકા કક્ષાની સ્ટીયરીંગ અને મોનીટરીંગ કમિટી

| | |
|---|---|
| (૧) પ્રાંત અધિકારીશ્રી | અધ્યક્ષ |
| (૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |
| (૩) તાલુકા હેલ્થ ઓફિસરશ્રી | સભ્ય |
| (૪) તમામ મુખ્યસેવિકાઓ | સભ્ય |
| (૫) સીડીપીઓશ્રી | સભ્ય સચિવ |
| (૬) અન્ય (અધ્યક્ષની મરજી મુજબ) | આમંત્રિત સભ્ય |

(આ સમિતિની બેઠક દર મહિને મળશે તથા સમિતિનુ ગઠન પ્રાંત અધિકારીશ્રીએ કરવાનુ રહેશે. જે પ્રાંતમાં આઇસીડીએસના એક કરતાં વધારે ઘટક આવતા હોય તેમાં સભ્ય સચિવ પ્રાંતના હેડ કવાર્ટરવાળા ઘટકના સીડીપીઓ રહેશે. પ્રાંતમાં આવતા તમામ ઘટકના ઉપર મુજબના તમામ સભ્યોની કમિટી રચી મિટીંગ કરવાની રહેશે.)

(ડ) PMMVY ગ્રામ્ય કક્ષાની મોનીટરીંગ અને સુપરવિઝન કમિટી

ગ્રામ આરોગ્ય, સ્વચ્છતા અને ન્યુટ્રીશન કમિટી (VHSNC)એ પણ આ યોજનાનુ મોનીટરીંગ તેમની મિટીંગ દરમ્યાન ગ્રામ્ય સ્તરે કરવાનું છે. વધારામાં સ્થાનિક બેંકના મેનેજરશ્રી / પોસ્ટ ઓફિસના ઇન્ચાર્જને આ કમિટીમાં સભ્ય તરીકે રિવ્યુ માટે સામેલ કરવા. દરેક ગામમાં આ કમિટીની રચના કરવામાં આવેલ છે જેથી ફરીથી આ યોજના માટે અલગ કમિટીની રચના કરવાની રહેતી નથી. સંબંધિત ઘટકના સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીશ્રીએ ગ્રામ્ય કક્ષાની આ સમિતિમાં યોજનાની સમીક્ષા થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૮. સમિતિઓના કાર્યો:

- આ સમિતિઓ યોજનાના સંબંધિત કાર્યક્ષેત્રમાં અમલની સમીક્ષા કરશે અને તેના પર દેખરેખ રાખશે.
- યોજનાના અમલીકરણને લગતી બાબતો પર સલાહ આપશે.
- તેઓ યોજનાની કામગીરીની પ્રગતિની સમીક્ષા કરશે અને સંલગ્ન વિભાગો વચ્ચે મજબૂત સંકલન અને કન્વર્ઝન્સની કામગીરી કરશે.

- યોજનાના અમલીકરણ દરમ્યાન આવતી મુશ્કેલીઓને ધ્યાને લઇ અસરકારક અમલીકરણ માટે જરૂરી સુધારા સૂચવશે.
- યોજનાને લગતુ સોફ્ટવેર ડેશબોર્ડ અને તમામ સ્તરના રિપોર્ટ ઉપલબ્ધ કરાવશે.
- કમિટીના સભ્યોએ યોજનાની સઘન દેખરેખ રાખવાની અને રિપોર્ટનું ઉંડાણપૂર્વક વિશ્લેષણ કરવાની કામગીરી કરશે.
- રાજય કક્ષાની સ્ટીયરીંગ અને મોનીટરીંગ કમિટીએ ફલેક્ષી ફંડના ઉપયોગ માટે મંજૂરી આપવી. (યોજનાના ઓવરઓલ હેતુઓને પૂર્ણ કરવા માટે સ્થાનિક જરૂરિયાતો માટે ખર્ચ કરવાની અને કાર્યક્ષમતા વધારવા માટેની નવિન પ્રવૃત્તિઓને ફલેક્ષી ફંડ અંતર્ગત મંજૂરી આપવી.)

ઉપર દર્શાવેલ સમિતિઓની વિવિધ સ્તરે સંબંધિત સમિતિના અધ્યક્ષશ્રીએ રચના કરવાની રહેશે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે**

( રાહુલ છત્રપતિ )
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.

માન. રા. ક. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.

માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦/૧ ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી સર્વે જિલ્લા પંચાયતની કચેરી,
પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) સર્વે જિલ્લા પંચાયતની કચેરી,
નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
સિલેક્ટ ફાઇલ